RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 161* Date: 09.04.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાને સર્વપક્ષીય બેઠકમાં લોકડાઉન વધારવાના સંકેત આપ્યા

# કોરોના સંકટ: લોકડાઉનમાં થઇ શકે છે વધારો, શનિવારે ફેંસલો

**૧૧મીએ વડાપ્રધાન તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વીડિયો કોન્ફરન્સથી વિશ્વાસમાં લેશે, કોરોનાની ચેન તોડવા માટે લોકડાઉનમાં વધારો અનિવાર્ય**

*ન્યુ દિલ્હી,તા.૮*

કોરોના મહામારી સામેની લડાઇ લાંબી છે એમ વારંવાર કહીને ૧૪ એપ્રિલના રોજ પૂરા થઇ રહેલા ૨૧ દિવસના લોકડાઉનમાં વધારો થઇ શકે એવો આડકતરો ઇશારો કર્યા બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સર્વપક્ષિય બેઠકને સંબોધતા એવો મત વ્યકત કર્યો કે વર્તમાન સ્થિતિમાં લોકડાઉનમાં વધારો કરવો જરૂરી છે. વડાપ્રધાન મોદી ૧૧ એપ્રિલે એટલે કે લોકડાઉન પૂરો થવાના ૩ દિવસ પહેલા ફરીથી દેશના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને તેની જાહેરાત કરી શકે એમ જોરશોરથી ચર્ચાઇ રહ્યું છે. અને બીજી તરફ દેશમાં કોરોના પોઝીટીવના કેસોમાં સતત વધારો જોતા તથા આ રોગની ભયાનકતાને જોતાં લોકડાઉનમાં હાલ કોઇ મોટી રાહત મળે તેમ નથી. એટલું ખરૂ કે જ્યાં કેસો ઓછા થયા કે દર્દીઓ સાજા થઇ ગયા ત્યાં લોકડાઉનમાં કંઇક રાહત મળી શકે. આ અંગે હવે ૧૧મીએ આખરી નિર્ણય લેવાશે. પરંતુ સર્વસામાન્ય મત એવો વ્યક્ત થઇ રહ્યો છે કે લોકડાઉનમાં વધારો અનિવાર્ય અને ચોક્કસ છે. આમ લોકોએ કોરોના સામે લાંબી લડાઇની તૈયારી રાખવી પડશે.



સૂત્રોએ કહ્યું કે વડાપ્રધાન મોદીએ અગાઉ દેશના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો બેઠક યોજીને લોકડાઉન વધારવા અંગેના સુચનો માંગ્યા હતા. ત્યારબાદ આજે રાજકિય પક્ષોના નેતાઓ સાથે વિડિયો બેઠક યોજીને સૂચનો માંગ્યા હતા. આ બેઠકમાં, અહેવાલ છે કે વડાપ્રધાન મોદીએ એમ સ્પષ્ટ ઇશારો કર્યો કે લોકડાઉનમાં વધારો કરવો જરૂરી છે. આ બેઠક બાદ જાહેર થયુ કે વડાપ્રધાન ૧૧મીએ ફરીથી મુખ્યમંત્રીઓ સાથે વિડિયો બેઠક યોજીશે અને તેમાં લોકડાઉનમાં વધારો કરવા અંગેની આખરી જાહેરાત લેવાય તેમ છે. દેશના મોટા ભાગના રાજયોએ અને નિષ્ણાતોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે કેસોની સંખ્યા જોતા અને તેમાં સતત વધારો થઇ રહ્યો છે ત્યારે લોકડાઉનમાં જો એક સાથે છૂટછાટ અપાય તો ૨૧ દિવસના લોકડાઉનો કોઇ મતલબ રહેશે નહીં કેમ કે જેમનામાં આ રોગના લક્ષણો છે પણ હજુ બહાર આવ્યાં નથી તેઓ લોકડાઉન ખુલ્યા બાદ બહાર નિકળે તો બીજામાં ચેપ લાગી શકે. તેથી લોકડાઉન તબક્કાવાર અથવા હોટસ્પોટ સિવાયના વિસ્તારોમાં આંશિક છૂટછાટ આપવામાં આવે. પરંતુ લોકડાઉન ઉઠાવી લેવાશે અને ફરીથી સામાન્ય સ્થિતિ થઇ જશે એમ માનવા કે કહેવા કોઇ તૈયાર નથી.

સૂત્રોએ વધુમાં કહ્યું કે યુપીમાં ૧૫ જિલ્લા સીલ કરીને લોકડાઉનમાં ૩૦ એપ્રિલ સુધીનો વધારો કરાયો અને પંજાબમાં પણ લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવતા એવા સંકેતો મળી રહ્યાં છે કે બીજા રાજયો પણ ૧૧મી સુધીમાં લોકડાઉનમાં વધારો કરવાનો નિર્ણય લઇ શકે.

દેશમાં કોરોના પોઝીટીપના કેસોની સંખ્યા ૫ હજારને પાર થઇ ગઇ છે. ઇટાલી કે અમેરિકાની સરખામણીએ ભારતમાં કેસોની શંખ્યા અને મરનારાઓની સંખ્યા ખૂબ ઓછી છે તેમ છતાં સરકાર તેનાથી સંતોષ પામીને લોકડાઉન ઉઠાવી લેવાના મતમાં નથી. કેમ કે લોકડાઉનને કારણે જ કેસોની સંખ્યા મર્યાદિત થઇ છે. હાલમાં જેમ જેમ લોકો એકબીજાના સંપર્કમાં આવે તો ચેપ ફેલાઇ શકે અને કેસોમાં વધારો થઇ શકે. આમ લોકડાઉને કેસોને મર્યાદિત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાના તારણે કેન્દ્ર કે રાજ્યોની સરકારો લોકડાઉન ઉઠાવી લેવાને બદલે તેને લંબાવવાના મતમાં હોઇ શકે. અલબત્ત સમગ્ર દેશે હવે લોકડાઉનના મામલે એવી માનસિક્તા રાખવી પડશે કે તેમાં વધારો થઇ શકે. અને તે તમામ નાગરિકોના હિતમાં જ છે.

### યોગી સરકારે યુપીના આ ૧૫ જિલ્લા ૩૦ એપ્રિલ સુધી સીલ કર્યા

## કોરોનાનો કાળો કેર: પોઝિટિવ કેસો ૫ હજારને પાર, ૧૪૯ના મોત

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના વાઇરસના દર્દીઓની સંખ્યા ૫૧૯૪ થઈ ગઈ છે. બુધવારે ઈન્દોરમાં ૨૨ નવા પોઝિટિવ મળ્યા, જેથી શહેરમાં દર્દીઓની સંખ્યા વધીને ૧૭૩ થઈ ગઈ છે. મંગળવારે દેશભરમાં સંક્રમણના ૫૭૩ નવા કેસ સામે આવ્યા હતા. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૧૫૦ કેસ વધ્યાં, અહીંયા સંક્રમિતોની સંખ્યા વધીને ૧૦૧૮ થઈ ગઈ છે. સાથે તમિલનાડુંમાં ૬૯, દિલ્હીમાં ૫૧, તેલંગાણામાં ૪૦, રાજસ્થાનમાં ૪૨ અને મધ્યપ્રદેશમાં ૩૪ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. સાથે જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, મંગળવાર સુધી દેશમાં કોરોના સંક્રમણના કુલ ૪૭૮૯ કેસ સામે આવ્યા હતા. જેમાંથી ૪૩૧૨ દર્દીઓની સારવાર ચાલી રહી છે. ૪૦૨ સ્વસ્થ થઈ ચુક્યા છે, જ્યારે ૧૪૯ લોકોના મોત થયા છે.

કોરોના સંક્રમણથી દેશમાં સતત મોતનોં આંકડો વધતો જઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં પૂણેમાં બુધવારે એક ૪૪ વર્ષના વ્યક્તિનું સંક્રમણના કારણે મોત થયું છે. તેને ડાયાબિટીસ હતું. પૂણેમાં આ પહેલા મંગળવારે ત્રણ લોકોના મોત થયા હતા. શહેરમાં અત્યાર સુધી સંક્રમણમાં નવ લોકોના મોત થયા છે. સાથે જ મહારાષ્ટ્રમાં મોતનો આંકડો ૬૫ પર પહોંચી ગયો છે. તો બીજી બાજું દેશમાં મૃતકોની સંખ્યા ૧૪૯ થઈ ગઈ છે. આ આંકડો અલગ અલગ રાજ્ય સરકાર તરફ જાહેર કરવામાં આવ્યા છે.

ઉત્તરપ્રદેશની સરકારે રાજયના ૧૫ જિલ્લાઓની પુરી રીતે સીલ કરવાનો નિર્ણય કર્યો છે. આ જિલ્લામાં ૧૩ એપ્રિલ સુધી કોઈ પણ પ્રકારની અવર જવર કરવામાં નહીં આવે. આ ઉપરાંત સામાનની હોમ ડિલીવરી કરવામાં આવશે, એટલે કે કોઈ પણ દુકાન ખુલશે નહીં. કોરોના સંકટ વચ્ચે ભારતીય સેનાએ ૧૬ એપ્રિલે થનારી દ્વિવાર્ષિક કમાંડર કોન્ફરન્સ આગળ વધારી છે. જેમાં સેના પ્રમુખ એમએમ નરવણેની અધ્યક્ષતામાં સીમા સુરક્ષા સહિત ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની હતી. તો બીજી બાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોરોના ડ્યૂટીમાં લાગેલા પોલીસકર્મીઓને ૫૦ લાખ રૂપિયાનું વીમા કવર આપવાની જાહેરાત કરી છે.

### વધુ ૪ નવા કેસ નોંધાયા, અમદાવાદમાં સૌથી વધુ ૮૩

## અડધુ ગુજરાત કોરોનાની ચપેટમાં: પોઝિટિવ કેસો વધીને ૧૭૯

*ગાંધીનગર,તા.૮*

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસનો ફેલાવો ગુજરાતમાં ૩૩ જિલ્લામાંથી ૧૭ જિલ્લામાં થઇ ગયો છે. એક રીતે જોઇએ તો અડધુ ગુજરાત કોરોનાની ચપેટમાં આવી ગયું છે. સરકાર દ્વારા લોકડાઉનના કડક અમલ માટે આજે ફરીથી ચેતવણી આપવામાં આવી હતી અને જો કેસો નહીં ઘટે તો શક્ય છે કે ગુજરાતમાં અને ખાસ કરીને જ્યાં કોરોનાના પોઝીટીવ કેસો નોંધાયા છે એ વિસ્તારોમાં લોકડાઉનની સમયમર્યાદામાં વધારો થઇ શકે તેમ છે. સરકારને આવો કડક નિર્ણય કરવો ના પડે તેથી લોકડાઉનમાં લોકોને ઘરોમાં જ રહેવાની સલાહને અનસરવુ હાલના તબક્કે ઉચ્ચિત હોવાનું જણાવાઇ રહ્યું છે. રાજ્યમાં આજે વધુ ૪ નવા કેસ સાથે રાજ્યમાં કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧૭૯ પર પહોંચ્યો છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯૩૨ ટેસ્ટ કરાયા જેમાંથી ૬૮૭ નેગેટિવ અને ૧૪ કેસ પોઝિટિવ આવ્યાં છે.

રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આજે સવારે રોજીંદી મિડિયા બ્રિફિંગમાં લોકડાઉનના કડક અમલની ચેતવણી આપીને કહ્યું કે, રાજ્યમાં કોરોનાનો રોગચાળો હવે બેકાબૂ બની રહ્યો છે. આજે વધુ ચાર પોઝિટિવ કેસ સામે આવતા કોરોનાના કુલ ૧૭૯ દર્દીઓ થયા છે. જ્યારે જામનગરમાં ૧૪ માસના બાળકનું કોરોનાથી મોત નીપજતાં કુલ મૃત્યાંક ૧૬ પર પહોંચ્યો છે. ગત યાદી કરતા બુધવારે ચાર નવા કેસનો ઉમેરો થયો છે. જેમાં ભાવનગરમાં બે, સુરતમાં એક અને વડોદરામાં એક કેસ સામે આવ્યો છે. આ તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે. તમામ દર્દીઓમાંથી હાલ બે લોકો ક્રિટિકલ છે.

કોરોના વાઇરસ કેસોની વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવે જણાવ્યું કે, ગઇકાલ સાંજથી અત્યારસુધીમાં ૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં ભાવનગરમાં બે, સુરત અને વડોદરામાં ૧-૧ પોઝિટિવ કેસ નોંધાયા છે અને બે દર્દીના મોત નીપજ્યાં છે. કુલ ૧૭૯ પોઝિટિવ કેસમાંથી ૧૩૮ એક્ટિવ દર્દી, ૧૩૬ દર્દીઓની હાલત સ્થિર એટલે કે સ્ટેબલ અને માત્ર બે જ દર્દીઓ વેન્ટિલેટર છે. જ્યારે ૨૫ દર્દી સાજા થતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯૩૨ ટેસ્ટ કર્યાં છે, જેમાં ૧૪ પોઝિટિવ, ૬૮૭ નેગેટિવ અને ૨૩૫ કેસ પેન્ડિંગ છે. તેમણે કહ્યું કે આજે પણ આ રીતે ટેસ્ટ કરવામાં આવશે. ૧૭૯ પોઝિટિવ કેસમાંથી ૩૩ વિદેશ, ૩૨ આંતરરાજ્ય અને ૧૧૪ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે. આમ ગુજરાત અને અમદાવાદમાં લોકલ ટ્રાન્સમિશનના કેસો વધી રહ્યાં છે ત્યારે આવા કેસો વધે નહીં એ માટે હોટસ્પોટ વિસ્તારનો સંપૂર્ણ સીલ કરી દેવાયા છે.

૧૭ જિલ્લા જોઇએ તો અમદાવાદ, ગાંધીનગર, પાટણ, સુરત, વડોદરા, સાબરકાંઠા, મહેસાણા, પંચમહાલ, છોટાઉદેપુર, આણંદ, ભાવનગર, ગીરસોમનાથ, રાજકોટ,જામગર, મોરબી, કચ્છ, અને પોરબંદરમાં પણ કોરોના પોઝીટીવ કેસો બહાર આવ્યાં છે. ગીર સોમનાથમાં કોરોના કેસોથી એશિયાઇ સિંહો પર પણ ખતરો થઇ શકે તેમ છે. કેમ કે અમેરિકામાં પ્રાણી સંગ્રહાલયના એક વાઘમાં કોરોના લક્ષણો જોવા મળ્યા છે. જો ગીર અભ્યારણયમાં કામ કરતાં કોઇ વન કર્મી કે જંગલમાં રહેતા કોઇને કોરોના થયો તો સિંહોમાં પણ તે ફેલાવવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

ગુજરાતમાં હાલના ૧૭૯ પોઝિટિવ કેસમાંથી ૩૩ વિદેશ, ૩૨ આંતરરાજ્ય અને ૧૧૪ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે. સ્થાનિક કક્ષાએથી એટસે કે લોકલ ટ્રાન્સમિશન વધે નહીં એ માટે હોટસ્પોટ વિસ્તારને સંપૂર્ણપણે સીલ કરવામાં આવ્યાં છે.


બીજી તરફ, ૬૦ વર્ષીય દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતા અમદાવાદની જીવરાજ મહેતા હોસ્પિટલના સ્ટાફને ક્વૉરન્ટીન કરાયો હોવાનું સૂત્રોએ કહ્યું હતું. રાજકોટમાં ૬ બાળકો સહિત ૧૯ કોરોના શંકાસ્પદ દર્દીઓના નમૂના ટેસ્ટ માટે મોકલાયા છે.

સાબરકાંઠામાં ખોટી ટ્રાવેલ હિસ્ટ્રી આપવા બદલ પોઝિટિવ દર્દી સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. તો આણંદમાં જાહેરનામાનો ભંગ કરવા બદલ ૪૦ વેપારીઓની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં અપડાઉન કરતા કર્મચારીઓને બહાર જવાની મનાઇ ફરમાવવામાં આવી છે.

## ટ્રમ્પે WHOને ચીનના હિમાયતી ગણાવી ફન્ડિંગ રોકવાની ધમકી આપી

વોશિંગ્ટન,તા.૮

કોરોના વાયરસનો ખતરો દુનિયાભરના દેશોમાં વધતો જઈ રહ્યો છે. અમેરિકામાં કોરોના વાયરસથી દરરોજ મોતનો આંકડો વધતો જ જઈ રહ્યો છે. અહીં મોતનો આંકડો ૧૨ હજારને પાર કરી ચૂક્યો છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ કોવિડ-૧૯ મહામારીનો સામનો કરવા મામલે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પર નિશાન સાધ્યું છે. ટ્રમ્પે ડબલ્યુએચઓને ચીનના હિમાયતી ગણાવતાં તેમનું ફન્ડિંગ રોકવાની ધમકી આપી છે.



ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ડબલ્યુએચઓને અમેરિકાથી મોટાપાયે ફન્ડિંગ મળે છે. મેં ચીનના પ્રવાસ પર પ્રતિબંધ લગાવ્યો તો તેઓ મારાથી અસહમત હતા અને તેઓએ (WHO)એ મારી ટીકા કરી. તેઓ ઘણી બધી બાબતે ખોટા હતા. એવું લાગી રહ્યું છે કે તેમની ચીન તરફ વધુ ધ્યાન છે. અમે ડબલ્યુએચઓ પર ખર્ચ થતી રકમ પર રોક લગાવવા જઈ રહ્યા છીએ.

ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં કોરોના વાયરસ પર ડેઇલી બ્રીફિંગ દરમિયાન આ વાત કહી. તેઓએ કહ્યું કે, અમે ડબલ્યુએચઓ પર ખૂબ જ શક્તિશાળી પ્રતિબંધ લગાવવા જઈ રહ્યા છીએ અને અમે તેનું ધ્યાન રાખવાના છીએ. જો આ કામ કરશે તો ખૂબ સારી બાબત હશે, પરંતુ જ્યારે તેઓ દરેક પગલાને ખોટો કહે છે તો તે સારું નથી. નોંધનીય છે કે, ડબલ્યુએચઓનું હેડક્વાર્ટર સ્વિત્ઝરલેન્ડના જીનેવામાં આવેલું છે એન તેને અમેરિકા મોટાપાયે ફન્ડિંગ કરે છે.

ટ્રમ્પે કહ્યું કે, અમે તેમને ૫.૮ કરોડ ડૉલરથી વધુની રકમ આપીએ છીએ. આટલા વર્ષોમાં જે નાણાં આપ્યા છે તેની સામે ૫.૮ કરોડ ડૉલર નાનો હિસ્સો છે. અનેકવાર તેમને આનાથી ઘણું વધુ મળ્યું છે. તેઓએ કહ્યું કે સૌભાગ્યથી મેં ચીનથી પોતાની સરહદો વહેલી ખોલવાની તેમની સલાહને ફગાવી દીધી છે.

## દુનિયાભરમાં ૧૪ લાખથી વધુ લોકો સંક્રમિત: ૮૨ હજારથી વધુના મોત

વોશિંગ્ટન,તા.૮

વિશ્વભરમાં કોરોનાના ૧૪ લાખ ૩૧ હજાર ૭૦૬ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૮૨ હજાર ૮૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. ત્રણ લાખ બે હજાર ૧૫૦ લોકોને સારવાર પછી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ઈટાલી બાદ હવે અમેરિકામાં કોરોના ખરાબ સ્થિતિ સર્જી રહ્યું છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં બે હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે, તેમાંથી ન્યૂયોર્કમાં એક દિવસમાં ૭૩૧ લોકોએ જીવ ગુમાવ્યો છે, ન્યૂયોર્કમાં મૃત્યુદર ૫૪૮૯ થયો છે. અમેરિકામાં ચાર લાખથી વધારે કેસ નોંધાયા છે અને ૧૨ હજાર ૮૫૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

સ્પેનમાં ૧.૪૨ લાખ પોઝિટિવ કેસ અને ૧૪ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. ઈટાલીમાં એક લાખ ૩૫ હજાર ૫૮૬ પોઝિટિવ કેસ અને ૧૭૧૨૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ફ્રાન્સમાં એક લાખ નવ હજાર પોઝિટિવ કેસ અને ૧૦૩૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જર્મનીમાં પણ પોઝિટિવ કેસ એક લાખ સાત હજાર ૬૬૩ પોઝિટિવ કેસ નોંધાયા છે અને બે હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એક જેલમાં ૫૦ કેદીઓ કોરોના વાયરસથી સંક્રમિત થયા છે. એ બાદ ૫૨૫ કેદીઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ લાહોરની કેમ્પ જેલમાં પણ ૨૦ કેદીઓના છે બાકીના કેસ અન્ય જેલમાં નોંધાયા છે.

## કેન્દ્ર સરકાર ૧૫ એપ્રિલ સુધી ગરીબોના ખાતામાં ૬૮૩૪ કરોડ નાંખશે

ન્યુ દિલ્હી,તા.૮

કોરોનાની મહામારી દરમિયાન ગરીબ વર્ગ સૌથી વધુ પ્રભાવિત થયો છે, ત્યારે મોદી સરકારે મનરેગાના મજૂરોના ખાતામાં સીધા નાણા નાખવાની શરૂઆત કરી દીધી છે. જે અંતર્ગત મજૂરોની બાકી મજૂરીની ચુકવણી માટે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે રાજ્યોને ૬ હજાર ૮૩૪ કરોડની ફાળવી છે.

આ જાણકારી ખુદ ગ્રામીણ વિકાસ પ્રધાન નરેન્દ્રસિંહ તોમરે આપી છે. મંત્રાલયના સૂત્રો મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ માટે તમામ રાજ્યોનો પહેલો હપ્તો ૧૫ એપ્રિલ, ૨૦૨૦થી ઈશ્યૂ કરી દેવાશે. જો કે તમામ રાજ્યોમાં મનરેગાની મજૂરી એક સમાન નથી.

ઝારખંડ, બિહારમાં મનરેગાના શ્રમિકોને પ્રતિદિવસ માત્ર ૧૭૧ રૂપિયા મજૂરી મળે છે. જ્યારે કે હરિયાણામાં સૌથી વધુ ૨૮૪ રૂપિયા પ્રતિદિવસ મજૂરી મળે છે. સામાન્ય રીતે આ શ્રમિકોને વર્ષમાં માત્ર ૧૦૦ દિવસ જ કામ મળે છે. કેન્દ્ર સરકારે લોકડાઉનના કારણે મનરેગાના શ્રમિકોની મજૂરીમાં પ્રતિદિવસ રૂપિયા ૨૦નો વધારો કર્યો છે.

# કોરોના સંકટઃ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની ખુરશી છવાયા સંકટના વાદળો..!!

મુંબઇ,તા.૮

ભારતમાં કોરોના વાયરસના કહેર સૌથી વધારે મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં એક તરફ કોરોના વાયરસના કારણે લોકડાઉનની સમયમર્યાદા વધારવાના સંકેત મળી રહ્યાં છે ત્યાં બીજી બાજુ રાજ્યના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની ખુરસી પર સંકટના વાદળો છવાવવા લાગ્યા છે.

ઉદ્ધવ ઠાકરે કોઈ પણ સદનના સભ્ય નથી.ના તો વિધાનસભા કે ના તો વિધાનપરિષદના. હવે કોરોના વાયરસના ખતરાના કારણે મહારાષ્ટ્રમાં એમએલસીની ચૂંટણી ટાળી દેવામાં આવી છે જેના કારણે ઉદ્ધવ ઠાકરે સામે મુખ્યમંત્રી પદની ખુરશી બચાવી રાખવાનો પડકાર ઉભો થયો છે.



ઉદ્ધવ ઠાકરેએ ૨૮ નવેમ્બર, ૨૦૧૯ના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. બંધારણની કલમ ૧૬૪ (૪) અંતર્ગત ઉદ્ધવ ઠાકરેને ૬ મહિનામાં રાજ્યના કોઈ પણ સદનનો સભ્ય બનવું અનિવાર્ય છે. જેથી ઉદ્ધવ ઠાકરેએ પોતાની મુખ્યમંત્રીની ખુરસી બચાવી રાખવા માટે ૨૮ મે પહેલા વિધાનમંડળના સભ્ય બનવુ જરૂરી છે.ઉદ્ધવ ઠાકરેએ વિધાનસભાના સભ્ય બવાવવા માટે શિવસેનાન્ના કોઈ ધારાસભ્યઈ રાજીનામું આપવુ પડશે. ત્યાર બાદ ચૂંટણી પંચે ૨૯ મે થી ૪૫ દિવસ પહેલા ચૂંટણીની જાહેરાત કરવાની રહેશે. મહારાષ્ટ્રમાં ધારાસભ્યોની જે સંખ્યા છે, તેમાં કોઈ પણ ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપવા નહીં ઈચ્છે. જયારે મુખ્યમંત્રી પદની ખુરસી ટકાવી રાખવાનો બીજો રસ્તો વિધાન પરિષદનું સભ્યપદ મેળવવાનો છે. તેના માટે ચૂંટણી પંચે માત્ર ૧૫ દિવસ પહેલા અધિસૂચના જાહેર કરવાની રહેશે.

મહારાષ્ટ્ર વિધાન પરિષદના ૯ સભ્યોનો કાર્યકાળ ૨૪મી એપ્રિલે પુરો થઈ રહ્યો છે. આ ૯ વિધાન પરિષદ બેઠકો પર ચૂંટણી યોજાવવાની હતી પણ તેને કોરોનાના સંકટના કારણે ટાળી દેવામાં આવી છે. કેન્દ્રીય ચૂંટણી પંચે કોરોના સંકટના કારને ચૂંટણીને અનિશ્ચિત સમય સુધી ટાળી દીધી છે. જેના કારણે હવે ઉદ્ધવ ઠાકરે સામે મોટી સમસ્યા ઉભી થઈ છે.

### એડીઆરના પ્રાદેશિક પાર્ટીઓના રિપોર્ટ પ્રમાણે

# ૧૫ પ્રાદેશિક પાર્ટીઓએ આવક-ખર્ચની વિગત ન આપી,બીજેડી સૌથી ધનિક પાર્ટી

ન્યુ દિલ્હી,તા.૮

ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રાદેશિક પાર્ટીઓમાં બીજૂ જનતા દળ આવક મામલે સૌથી વધુ પૈસાદાર રાજનીતિક પાર્ટી છે. ચૂંટણીમાં સુધારા સાથે સંકળાયેલી સંશોધન સંસ્થા એડીઆરના પ્રાદેશિક પાર્ટીઓના આવક-ખર્ચના તુલનાત્મક રિપોર્ટ પ્રમાણે, ૫૨ પ્રાદેશિક પાર્ટીઓમાં બીજેડીની નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સૌથી વધુ ૨૪૯.૩૧ કરોડ રૂપિયાની આવક થઈ છે. બીજી તરફ જો ખર્ચાની વાત કરીએ તો, લાલુ પ્રસાદ યાદવની રાષ્ટ્રીય જનતા દળ અને અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી સહિત ૧૩ પ્રાદેશિક પાર્ટીઓએ સૌથી વધુ ખર્ચો કર્યો છે.

એડીઆર દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, અસમ ગણપરિષદ (એજીપી) અને જેકેએનપી સહિત ૧૫ પ્રાદેશિક પાર્ટીઓએ આવક-ખર્ચની વિગતો નક્કી કરેલા સમયમાં પૂરી પાડી નથી. જે ૩૭ પ્રાદેશિક પાર્ટીઓએ વિગતો પૂરી પાડી છે, તેમા ૭ પ્રાદેશિક પાર્ટીઓએ પોતાનો ઓડિટ રિપોર્ટમાં ચૂંટણી બોન્ડથી પ્રાપ્ત ડોનેશન મળ્યાના વાત જણાવી છે. આ પાર્ટીઓને ઈલેક્ટોરલ બોન્ડ મારફતે કુલ ૫૭૮.૪૯ કરોડ રૂપિયા મળ્યાં છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની વિગતો રાજનીતિક પાર્ટીઓને ૩૧ ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં જમા કરાવવાની હતી. આ સમય મર્યાદામાં ૧૫ પ્રાદેશિક પાર્ટીઓને બાદ કરતા અન્ય તમામ પાર્ટીઓએ પોતાની વિગતો પંચ સમક્ષ રજૂ કરી દીધી છે.

આ રિપોર્ટ પ્રમાણે, સમાજવાદી પાર્ટી, શિરોમણી અકાલી દળ, આઈએનએલડી, આરએલડી અને આરજેડી સહિત ૧૩ પ્રાદેશિક પાર્ટીઓએ પોતાની આવક કરતાં વધુ ખર્ચો કર્યો છે. જેમાં સમાજવાદી પાર્ટીએ પોતાની આવક કરતા ૫૦.૬૫ ટકા (૧૭.૧૨ કરોડ રૂપિયા) ખર્ચમાં દર્શાવ્યા છે.

રિપોર્ટમાં ૩૭ પાર્ટીઓની વિગતના અભ્યાસના આધારે દર્શાવવામાં આવ્યું છે કે, આ પાર્ટીઓમાં નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૧૦૮૯.૬૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જેમાં સૌથી વધુ આવક ધરાવતી પ્રાદેશિક પાર્ટીઓમાં બીજેડી ઉપરાંત ટીઆરએસ (૧૮૮.૭૧ કરોડ રૂપિયા) અને વાયએસઆર કોંગ્રેસ (૧૮૧.૦૮ કરોડ રૂપિયા) સામેલ છે. આ ત્રણેય પાર્ટીઓએ આવકમાં ગત નાણાકીય વર્ષની સરખામણીમાં સૌથી વધુ વૃદ્ધિ નોંધાવી છે.



પ્રયાગરાજમાં કોરોનાની પરવાહ કર્યા વિના આ મજૂર શાકભાજી માર્કેટમાં ડુંગળીના ઢગલા પર આરામથી ઊંઘ ખેંચી હતી.



પ્રયાગરાજમાં કોરોનાવાયરસ રોગચાળાને પગલે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન એક નિર્જન માર્ગને પસાર કરતી વખતે એક વ્યક્તિ તેની માતાને વહન કરે છે.

# મહારાષ્ટ્રમાં ૧૫૦ નવા કેસો ઉમેરાયા, કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા ૧૦૦૦ને પાર

મુંબઇ,તા.૮

મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસના કેસો સતત વધીને હવે ૧૦૦૦ને પાર પહોંચી ચૂક્યાં છે. રાજ્યમાં મંગળવારે ૧૫૦ નવા કેસો સામે આવ્યા હતા. જેમાં માત્ર મુંબઈમાંથી જ ૧૦૦ નવા કેસો ઉમેરાયા હતા અને ૫ લોકોના મોત પણ નીપજયાં છે. બીજી તરફ મુંબઈમાં કોરોનાના કારણે મોતને ભેટનારની સંખ્યા વધીને ૪૦ પર પહોંચી ગઈ છે. આ સાથે જ રાજયમાં કુલ ૬૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

મુંબઈમાં હાલ ૫૯૦ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે. બીએમસીએ જણાવ્યું કે, શહેરમાં કોરોનાના પોઝિટિવ કેસોમાં વધારો એટલા માટે થયો છે કારણે કે, ૫૫ દર્દીઓઓ વધુ જોખમી ધરાવતા સીલ કરેલા વિસ્તારોમાંથી મળી આવ્યા છે. આ તમામ સ્વાસ્થ્ય ટીમો દ્વારા સઘન તપાસના કારણે જ સામે આવી શક્યાં છે.

મુંબઈના ગ્રાન્ટ રોડમાં એક જ પરિવારના ૭ લોકોનો ટેસ્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. જે બાદ બીએમસીએ સમગ્ર ઈમારતને સીલ કરી દીધી છે. આ પરિવારનો પ્રથમ સભ્ય જે કોરોના પોઝિટિવ મળી આવ્યો હતો, તેની મુંબઈની જસલોક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આ સિવાય મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં વધુ ૩ કોરોના પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જેમાંથી ૨ દર્દીઓ કોરોનાના કારણે મોતને ભેટેલા વ્યક્તિના સબંધી હોવાનું સામે આવ્યું છે. આ સાથે જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસો વધીને ૧૪ થઈ ગયા છે.

ધારાવીને સીલ કરવાની ઉઠી માંગ

બીજી તરફ દક્ષિણ મધ્ય સંસદીય વિસ્તારના સાંસદ રાહુલ શેવાલેએ કોરોના વાઈરસને ફેલાતો રોકવા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને ધારાવીમાં પૂર્ણ લૉકડાઉન લાગૂ કરવાની ભલામણ કરી છે. આ ઘણી ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર છે અને અહીં સેંકડો ઝૂપડપટ્ટી આવેલી છે. આ વિસ્તારત શેવાલાના સંસદીય વિસ્તાર અંતર્ગત આવે છે અને અહીં કોરોનાના ૭ પોઝિટિવ કેસો મળી આવ્યા છે.

### વર્ષમાં એક દિવસ ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક હોય છે

# મંગળવારે આકાશમાં ચંદ્ર વર્ષનો સૌથી મોટો જોવા મળ્યો

ન્યુ દિલ્હી,તા.૮

લોકડાઉન વચ્ચે જો કંઈ સુંદર છે તો એ છે આકાશ, એમાં ચમકતા તારા અને ચંદ્ર, સ્વચ્છ હવા અને પક્ષીઓનો કલરવ. આ સમયે આપણે બધા આપણા ઘરમાં બંધ છીએ પણ કેટલીક એવી વસ્તુઓ છે જે આપણે યાદ અપાવે છે કે હજુ પણ ઘણુ બધુ આ પૃથ્વી પર સુરક્ષિત છે. મંગળવારની રાતે આકાશમાં સુપરમૂન એટલે વર્ષનો સૌથી મોટો ચંદ્ર જોવા મળ્યો. વર્ષમાં એક દિવસ ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક હોય છે.

સાહિત્યમાં ચંદ્રને સુંદરતાનો પ્રતિક ગણવામાં આવે છે. સુપરમૂનના દિવસે ચંદ્ર પૃથ્વીની નજીક આવતાં ધરતી પરથી તેનો અદ્ભૂત નજારો જોવા મળે છે. પ્રકૃતિ પ્રેમીઓ કે સાહિત્યમાં રૂચિ ધરાવતા લોકો સામાન્ય દિવસોએ પણ ચંદ્રને નિહાળતા હોય છે તો પછી સુપરમૂનના દિવસે જોવાનું કેમ ચૂકી શકાય. ૭ એપ્રિલે અડધી રાત્રે દુનિયાભરમાં સુપરમૂનનો અવિસ્મરણીય નજારો જોવા મળ્યો હતો. જેને પિંક સુપરમૂન પણ કહેવામાં આવે છે.

જયારે ચંદ્ર ધરતીની એકદમ નજીક આવે ત્યારે છે ત્યારે તે વધુ ચમકદાર બની જાય છે. ચંદ્ર આ દિવસે સામાન્ય દિવસ કરતા ૧૪ ટકા મોટો અને ૩૦ ટકા વધુ ચમકદાર જોવા મળે છે. પિંક સુપરમૂન માત્ર એક નામ છે જેની પાછળ કોઈ વૈજ્ઞાનિક કારણ નથી. સોશિયલ મીડિયા પર પણ લોકોએ સુપરમૂનની તસવીરો શેર કરી હતી.

અમે અહીં આપને વિશ્વના અલગ અલગ સ્થળેથી પાળેલી કેટલીક તસવીરો બતાવી રહ્યા છીએ જેને જોઈને તમે પણ કહેશો વાહ!

# કોરોના વિરુદ્ધ લડવા ટ્વિટરના સીઈઓએ એક અબજ ડોલરનું દાન કર્યું

ન્યૂયોર્ક,તા.૮

ટ્વિટરનાં સહ સ્થાપક અને મુખ્ય કાર્યકારી અધિકારી જેક ડોર્સીએ કોરોના સામે લડવા માટે આર્થિક સહાય કરી છે. તેમણે કહ્યું કે, તે પોતાના ફંડ દ્વારા કોરોના વાયરસ સામે લડવા સંબંધિત કાર્યો માટે એક અરબ ડોલર આપી રહ્યાં છે. ડોર્સીએ ટ્વિટ કરીને કહ્યું કે, જ્યારે રોગચાળો ખતમ થઇ જશે ત્યારે ભંડોળનો ઉપયોગ બાળકીઓના શિક્ષણ અને આરોગ્ય માટે કરવામાં આવશે.

ડોર્સીએ કોરોના પીડિતોને સહાય કરવા માટે તેમની સંપત્તિના અંદાજે ૨૮% એટલે કે લગભગ રૂ. ૭૬૦૦ કરોડથી વધારે (૧ અબજ ડોલર) આપવાની જાહેરાત કરી છે. તેમણે ટ્વિટર પર એક પોસ્ટ જાહેર કરીને આ જાહેરાત કરી. આ સંપૂર્ણ ભંડોળ કેવી રીતે ખર્ચવામાં આવે છે તે વિશે લખ્યું છે કે, તેનું ટ્રેકિંગ વિશ્વના કોઈપણ ખૂણામાં હાજર કોઈપણ વ્યક્તિ કરી શકે છે.

જેકે એક લિંક શેર કરી છે જેમાં એક ફંડ એકાઉન્ટ શીટ શેર કરવામાં આવી છે. ટ્વિટરના સીઇઓ જેક ડોર્સીએ જણાવ્યું હતું કે જ્યારે રોગચાળો ખતમ થઇ જશે ત્યારે ભંડોળનો ઉપયોગ બાળકીઓના શિક્ષણ અને આરોગ્ય માટે કરવામાં આવશે.

# જજે પક્ષમાં નિર્ણય ના સંભળાવ્યો તો વકીલે કહ્યુઃ જાવ તમને કોરોના થઈ જાય

કોલકાત્તા,તા.૮

લૉકડાઉનના સમયગાળા દરમિયાન ટીવી-દર્શકોના માનસ પર ફરી છવાઈ ગયેલી 'રામાયણ' અને 'મહાભારત' સિરિયલની અસર કહો કે બીજું કંઈ, પણ કોલકતા હાઈ કોર્ટના એક વકીલે જજને શ્રાપ આપીને કોરોના વાઈરસના હાહાકાર વચ્ચે વાતાવરણને થોડું હળવું કરી જ દીધું છે.વાત એવી છે કે જસ્ટિસ દીપનકર દત્તાએ બિજોય અધિકારી નામના વકીલને અદાલતનું ગૌરવ ન જાળવવા બદલ તેમ જ વકીલાતના ભવ્ય વ્યાવસાયના સભ્ય તરીકે ન વર્તવા બદલ ઠપકો આપ્યો હતો તેમ જ આ અનાદર બદલ અદાલતને એક પખવાડિયામાં જવાબ આપી દેવાનો આદેશ આપ્યો હતો. આને લગતી સુનાવણી ફોજદારી બાબતોની સુનાવણી હાથ ધરવા માટે જાણીતી યોગ્ય બેન્ચ દ્વારા કરવામાં આવશે એવી સૂચના પણ જસ્ટિસ દત્તાએ બહાર પાડી હતી. કોવિડ-૧૯ની મહામારીને પગલે



૧૫મી માર્ચથી કોલકતા વડી અદાલતમાં માત્ર અત્યંત તાકીદની ગણાતી બાબતો પરની સુનાવણી જ હાથ ધરવામાં આવે છે અને પચીસમી માર્ચથી ફક્ત વીડિયો કૉન્ફરન્સિંગ મારફત જ આવી તાકીદની બાબતો હાથ ધરાય છે. વકીલ બિજોય અધિકારીએ લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ જનાર પોતાના એક ક્લાયન્ટની બસને એક રાષ્ટ્રીયકૃત બૅન્કે હરાજી માટે મૂકી એ સામે સ્ટે લાવવા માટેની અરજી કરી હતી. જોકે, અદાલતે આ કેસમાં તાકીદની સુનાવણીની ના પાડી હતી. જજે ચુકાદો આપવાની શરૂઆત કરી ત્યારે વકીલ બિજોયે ટેબલ પર હાથ પછાડીને તેમ જ માઈક્રોફોન પછાડીને તેમને અવરોધવાની કોશિશ કરી હતી. જજે તેમને આવું કરવા સામે ચેતવ્યા ત્યારે તેમણે જજને શ્રાપ આપતાં કહ્યું હતું, 'તમને કોરોના વાઈરસનો ચેપ લાગે એવો હું તમને શ્રાપ આપું છું.'

# મોદી સરકાર રાજ્યોને આપશે રૂ. ૨૦,૦૦૦ કરોડની સંજીવની

ન્યુ દિલ્હી,તા.૮

કોરોના વાયરસના કોહરામ વચ્ચે રાજ્ય સરકાર પાસે લોકડાઉનને કારણે સર્જાયેલ સ્લોડાઉનમાં ઉંચા દરે ઉધાર ઉભું કરી રહી છે. રાજ્ય સરકારોએ કેન્દ્ર સરકાર પાસે અનેક બાબતોના પૈસા લેવાના બાકી નીકળે છે છતા રાજ્યોએ બહારથી પૈસા ઉભા કરીને ઋણ એકત્ર કરવું પડી રહ્યું છે અને દેવું વધારી રહ્યાં છે.

એક અહેવાલ અનુસાર રાજ્ય સરકારને મોદી સરકાર ૨૦,૦૦૦ કરોડની સંજીવની આપી શકે છે. જીએસટી પેટે બાકીના લેવા નીકળતા પૈસામાંથી ૨૦,૦૦૦ કરોડ આપી શકે છે. અહેવાલ અનુસાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના સેસમાંથી લેવાના બાકી નીકળતા નાણામાંથી કેન્દ્ર તાત્કાલિક ધોરણે ૨૦,૦૦૦ કરોડનું ભંડોળ આપી શકે છે.રાજ્યોએ કેન્દ્ર પાસેથી રાહત પેકેજ માંગ્યા છે અને જીએસટી સહિતના બાકી લેવાના નીકળતા પૈસા ચૂકવવા અરજી કરી છે. કેન્દ્ર સરકારે કમ્પનસેશન સેસના બાકીના પૈસામાંથી ૨૦,૦૦૦ કરોડ રાજ્યોને આપવાની તૈયારી દર્શાવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે ૩જી એપ્રિલે ૧૭,૨૮૭ કરોડ રૂપિયા નાણામંત્રાલયે જીએસટી સેસ પેટે રાજ્યોને આપ્યા હતા. સરકારી મંત્રીમંડળે રેવન્યુ ડિપાર્ટમેન્ટને આ પૈસા ચૂકવવા આદેશ કર્યો છે,તેમ રીપોર્ટમાં જણાવ્યું છે.

### બકાનાં ગતકડાં

# લોકડાઉન(બચવું કે બચાવવું ?)

લેખક : નિકેતા વ્યાસ



ઊંધું ઘાલીને છાપું વાંચતા બકાને આખો હલબલાવીને ચીકુએ ટીવીમાં સમાચાર બતાવ્યાં. એમાં એની સોસાયટીનું હજી કલાક પહેલાનું દૃશ્ય બતાવતાં હતાં. બકાના મગજમાં તરત લાઈટ થઈ ગઈ. હમણાં પોલીસ આવશે. એ તરત સોસાયટીના ઝાંપા બાજુ ભાગ્યો. ખરેખર સોસાયટી ના નાકે દસ બાર જણા ઊભા હતાં.

અલ્યા આમ ઊભા ના રહો. જુઓ હમણાં મનિયાના ઘરે સાપ નીકળ્યો હતો ને જેટલા ભેગા થયેલા એ બધા ડ્રોન કેમેરામાં આવી ગયાં છે. હજી હમણાં જ મેં ટીવીમાં સમાચાર જોયા.એટલે જ ચેતવવા આવ્યો છું ×બકાએ માહિતી આપી.

તો તો પોલીસ આવતી જ હશે.સલ્લુ બોલ્યો.

આખો દિવસ ઘરમાં રહીએ તો બૈરાં જોડે માથાકૂટ થાય છે. બહાર પોલીસ પકડે. આમાં કરવું શું ?પટેલ ઉકળ્યો.

પોલીસ ભલે આવતી. આપણે કહીશું કે કોઈ બહારનું વ્યક્તિ સોસાયટીમાં અંદર ના આવે અને અંદરનું કોઈ બહાર ના જાય એનું ધ્યાન રાખીએ છીએ.જગાએ ડહાપણ બતાવ્યું.

અલ્યા આખા અમદાવાદમાં એકસો ચુંમાલીસની કલમ લાગુ કરેલી છે. કંઈ ભાન બાન છે કે નહીં ?ત્રણ જણાથી વધારે જોયાં તો બધાને પોલીસ લોકઅપમાં ધકેલી દેશે. પછી જુઓ મઝા. બકો બોલ્યો.

બરાબર એ જ વખતે એક પોલીસવાન આવીને સોસાયટીના ઝાંપે ઊભી રહી. માર્યા ઠાર... બકો, પટેલ અને ડાહ્યા કાકા સિવાય બધા ભાગ્યાં.

ફટાફટ પંદર વીસ જવાનોએ અંદર આવીને સોસાયટીના ખાંચે ખાંચામાં સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું. પોલીસ ઈન્સ્પેક્ટરે ત્રિપુટી સાથે વાત શરૂ કરી.આજે સાંજે હમણાં જ ડ્રોન કેમેરામાં તમારી સોસાયટીમાં નાનું ટોળું દેખાયું છે. એકસો ચુંમાલીસની કલમનો ભંગ કરવા બદલ એ તમામને મારે અત્યારે જ એરેસ્ટ કરવાના છે.

સાહેબ આમ તો અમારી સોસાયટીમાં કોઈ બહાર નીકળતું નથી. પણ આ તો એક જણાના ઘરમાં અચાનક સાપ નીકળ્યો. એણે બૂમો પાડી 'બચાવો.. બચાવો...'અને એટલે આજુબાજુવાળા એના ઘરે ગયાં. સાપ પકડ્યો અને અહીં મેદાનમાં લાવીને એક કોથળામાં નાખી દૂર પણ મૂકી આવ્યા. આવી ઈમરજન્સીમાં તો આપે પણ દયા રાખવી જોઈએ. સોસાયટીના ચેરમેન પટેલે સ્પષ્ટતા કરી.

પોલીસથી બચવા ભાગેલા સલ્લુ, નીતિન, ચીનુ અને મનિયો ચારેય ઝાંપાની નજીકમાં આવેલા બાથરૂમમાં ઘુસી ગયા. ચોકીદારના બાપા નહાઈને કપડાં બદલી રહ્યાં હતાં. એ એકદમ આ ચારેને જોઈ ડઘાઈ ગયાં. અરે કા હૈ... ઐસે કાહે અંદર ઘૂસત ?કાકા કછુ નાહી બોલો. બાહર પુલીસ આઈ હૈ. તોહાર પૈર પડત હૈ. હમ કા બચાઈ લીયો .નીતિને સમજાવ્યું.

નાનું એવું બાથરૂમ હતું. ડોલ, તગારું અને ઉપર લટકતી ડોસાની કોરી ધોતી સિવાય કંઈ નહોતું. સલ્લુએ એના ટ્રેક પેન્ટના પાયજા ઉપર ચઢાવ્યા. ધોતીને ઘૂમટો તાણીને ઓઢી લીધી. હાથમાં પાણી ભરેલી ડોલ લઈને સલ્લુ બહાર નીકળ્યો. ઈન્સ્પેક્ટરે પૂછ્યું :આ કોણ છે ?

અમારા ચોકીદારનું બાથરૂમ છે એટલે એના ફેમિલીમાંથી કોઈ હશે.' બકાએ પરિસ્થિતિ મુજબ જવાબ આપ્યો.

બાથરૂમમાં ગમે ત્યારે પોલીસ જોવા આવી શકે. એટલે ત્રણેના જીવ અધ્ધર હતાં.સલ્લુએ કમલામાસીનું બારણું ખખડાવ્યું.કમલમાસી કઈ બાફી ના દે એટલે પહેલેથી જ મોં ઉપર આંગળી મૂકી ઈશારો કરી દીધો. અંદર આવી માસીને પરિસ્થિતિ સમજાવી. કમલામાસીએ એમની દોહીત્રીને બે ડોલ કપડાં સાથે બાથરૂમની બહાર જઈ મૂકી આવવા સમજાવી. એક ડોલ તો બાથરૂમની જ હતી એમાં પેલા કાકા માટે ધોતી પાછી મોકલી. બીજી ડોલમાં ત્રણ ચણિયા અને ત્રણ સાડીઓ મોકલી.સલ્લુએ ફોન કર્યો એક એક કરીને થોડી થોડીવારે બહાર આવજો. પેલા કાકાને સૌથી છેલ્લે નીકળે એમ કહેજો. સૌથી પહેલાં નીતિન લાંબો સાડી પહેરીને ઘૂમટો તાણી નાની છોકરીને તેડીને સલામત નીકળી ગયો.બીજો ચીનુ હાથમાં રસ્સી લઈને ઘર ભણી વળી ગયો. હવે મનીયાને થયુ કે ડોલ ક્યાં લેવી લાવને તગારું લઈ જાઉં. એણે સાડીનો ઘૂમટો ખેંચી લીધો અને માથે તગારું મૂકીને બહાર નીકળ્યો. સાડીનું પોત હતું જાડું. કશું દેખાય નહીં. બે હાથે તગારું પકડેલું. અડસટ્ટે ચાલતા મનિયો એક પોલીસવાળાને જ ભટકાયો. ×અરે બેન ક્યાં ધ્યાન છે? ×પોલીસવાળાએ કહ્યું. ગભરાઈ ગયેલાં મનીયાથી ઊભા થવામાં ઘૂમટો નીકળી ગયો. સાડીમાં છોકરો છે એમ દેખાઈ આવતાં પોલીસે બરાબરનો ફટકાર્યો. એની આગળ દેખાયેલી લેડીઝ પણ છોકરો હશે એમ કળી ગયેલી પોલીસ એ દિશામાં બધાના ઘર તપાસવા લાગી.

હવે પોલીસથી બચવા કોલેજમાં ભણતાં ટીનિયો અને શંકર નજીકના ઝાડ ઉપર ચઢી પાદડાંઓની ઘટામાં સંતાઈને નિરાંતે બેઠાં હતાં.પોલીસ જતી રહે ત્યાં સુધી એમને કોઈ વાંધો આવે એમ નહોતો.પણ... માણસ અહીં આવી પોતાની જગ્યા બથાવી પાડે એની સામે વાંદરાઓને વાંધો હતો. એક પછી એક વાંદરા ચિચિયારીઓ કરવા લાગ્યાં. છેવટે એક બુઢીયો વાંદરો શંકર ઉપર કુદયો. એથી એનું બેલેન્સ ગયું અને એ નીચે ગબડયો. જોકે એણે નીચેની ડાળ પકડી લીધી પણ ઈન્સ્પેક્ટરની નજરમાં તો આવી જ ગયો. બેયને નીચે ઉતારીને બરાબરના ફટકાર્યા.

હવે અમથાકાકા ,જગો અને ચુનીકાકા દોડીને એક ઘરના આંગણામાં કમ્પાઉન્ડ વોલની આડશે સંતાયા હતાં. ત્યાંથી બધી વાતચીત સંભળાતી હતી. આ લોકોને આમ તો વાંધો આવે એમ નહોતો. ત્યાં જ કાકાની રિંગટોન વાગી.મરી ગયાં... પણ આ તો ચુનીકાકા. ભારે સૂઝબૂઝવાળા. એક ડગલાં દૂર પડેલા હીંચકે એક જ કૂદકામાં પહોંચી ગયાં. અમથાકાકા નીચે બેઠા બેઠા ઘાસ કાપવા લાગ્યાં. જગો પાછળ રસોડા બાજુ સરકી ગયો. રિંગટોન સાંભળીને પોલીસવાળાએ કમ્પાઉન્ડ વોલ ઉપરથી ડોકું કાઢ્યું.

કાકા શું કરો છો ?

આ તો ભૈ બેઠો છું.

જાવ ઘરમાં જાવ. બહાર ના બેસો .પોલીસવાળાએ કહ્યું. હવે એ તો કોઈનું બંધ પડેલું મકાન હતું.ખખડાવે તો ય અંદરથી કોઇ ખોલવાનુ નહોતું.

અરે ભૈ... મારા ડોસી રિસાઈ ગયાં છે. ચોખ્ખા શબ્દોમાં કહું તો મને ઘરની બહાર કાઢી મુક્યો છે. લોકડાઉનમાં ઘેર ઘેર માટીના ચૂલા એવું છે મારા ભૈ. પોલીસવાળાને ય આમાં કઈક સમાનુભૂતિ થતી લાગી એટલે મૂછમાં હસતો એ થોડો આઘો ગયો.

આ બધામાં જો કોઈને લોટરી લાગી હોય તો એ હતો જેન્તી. પોલીસને જોઈને એ સીધો મગનકાકાના ઘરમાં ઘુસી ગયેલો. કાકા કાકીને પોલીસની વિગતોથી વાકેફ કર્યા. હવે એને અહીં અભયદાન મળી ગયું. કાકા-કાકી પોલીસની હરકતો જોવામાં પરોવાયા. અને જેન્તી ઘરમાં કામ કરતી ઝમકુને જોવામાં પરોવાયો.એણે ઝમકુનો પરિચય કેળવવાની તક ઝડપી લીધી.

ડ્રોનમાં દેખાતાં એકે એક ને વીણી વીણીને પકડ્યા પછી પોલીસપાર્ટી રવાના થઈ.

તા.૭/૪/૨૦૨૦

# ૬૦ લાખ APL-1 કાર્ડ ધારકોને ફ્રી એપ્રિલ મહિનાનું અનાજ આપવાનો કેબિનેટનો નિર્ણય

ગાંધીનગર,તા.૮

મધ્યમ વર્ગના APL-1 કાર્ડધારકોને પણ આવું અનાજ વિનામૂલ્યે પ્રવર્તમાન પરિસ્થિતિમાં આપવાનો નિર્ણય કેબિનેટ બેઠકમાં રાજ્ય મંત્રીમંડળે કર્યો છે. આના પરિણામે મધ્યમ વર્ગના પરિવારોને આ નિર્ણયને પરિણામે મોટી રાહત થશે અને વર્તમાન લોક ડાઉનની સ્થિતીમાં સરળતાથી અનાજ મળશે. મુખ્યમંત્રીએ આ અનાજ વિતરણની અન્ય વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોને આદેશ આપી દેવામાં આવ્યા છે અને વિતરણની તારીખો હવે જાહેર કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

તેમણે આ અંગે જાહેર કર્યુ કે, રાજ્યના મધ્યમ વર્ગીય પરિવારો APL-1 ના કાર્ડધારકો જેઓને રાષ્ટ્રિય અન્ન સુરક્ષા ધારા NFSA અંતર્ગત અનાજ મળતું ન હતું તેવા તમામ ૬૦ લાખથી વધુ APL-1 કાર્ડધારકોને મધ્યમ વર્ગના લોકોને કુટુંબ દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે આપવામાં આવશે.

રાજ્યમાં અંત્યોદય અને PHH એવા ૬૬ લાખ પરિવારોને એપ્રિલ માસનું અનાજ વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું છે ત્યાર બાદ ૩.૪૦ લાખથી વધુ એવા



**કાર્ડધારકો જેઓને** NFSA અંતર્ગત માત્ર ખાંડ અને મીઠું જ મળતા હતા તેવા પરિવારોને પણ ઘઉં, ચોખા અને દાળ વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહિ, રાજ્યમાં અત્યંત ગરીબ, શ્રમજીવી, અન્ય પ્રાંત-રાજ્યના શ્રમિકો જે રેશનકાર્ડ ધરાવતા નથી તેમને પણ અન્નબ્રહ્મ યોજના અન્વયે પ્રવર્તમાન સ્થિતીમાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે આ સંદર્ભમાં એમ પણ ઉમેર્યુ કે હાલની લોકડાઉનની સ્થિતીમાં કોઇ પરિવાર ભૂખ્યો ન રહે સૌને અનાજ મળી રહે તે માટે રાજ્ય સરકારે સંવેદનાથી નિર્ણય લઈને APL-1 કાર્ડ ધરાવતા ૬૦ લાખ પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણનો નિર્ણય કર્યો છે ત્યારે જે સંપન્ન વર્ગો છે તેવા APL-1 કાર્ડ ધરાવતા લોકો-પરિવારો પોતાનો અધિકાર જતો કરે અને આવા જરૂરતમંદોને અનાજ પ્રવર્તમાન સમયમાં મળી રહે તે માટે હેવ એન્ડ હેવનોટની ખાઇ પૂરવાનું સામાજીક દાયિત્વ અદા કરે.

# પાલનપુરમાં કબીર આશ્રમમાં જરૂરિયાતમંદ લોકોને અનાજની કીટ વિતરણ કરાઈ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

શ્રીસદગુરુ કબીર રંસ્વરૂપદાસ જી ફાઉન્ડેશન સંચાલિત પાલનપુરમાં આવેલા કબીરઆશ્રમ દ્વારા કોરોનાની મહામારી થી પહોંચી વળવા માટે મુખ્યમંત્રી રાહત ફન્ડમાં તારીખ-૩૦ માર્ચ ના રોજ રૂપિયા ૫ લાખનો ચેક કલેકટર સદીપસાગલે ને આપવામાં આવ્યો હતો.ત્યારબાદ આશ્રમના ટ્રસ્ટી સરલાબહેનએ વિદેશમાં વસતા દાતાઓ દ્વારા શુક્રવારે લોકડાઉન દરમિયાન જરૂરિયાતમદ લોકોને ઘઉં, ચોખા,કઠોળના ચણા, ગોળ,ખાંડ શાકભાજી સહિતના સામાનની કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.અને આજરોજ પણ સરલાબહેન દ્વારા વિદેશમાં વસતા દાતાની મદદ થી રૂપિયા ૧ લાખ ઉપરાંતની રાશિની અનાજ ની ૬૦ જેટલી કીટ બનાવી જરૂરિયાતમંદ ૬૦ જેટલા લોકોને ૨૦ કિલો ઘઉં,૫ કિલો ચોખા,મગદાલ ૧ કિલો,તુએરદાલ ૧ કિલો,ગોળ ૧કિલો,ઘી ૫૦૦ ગ્રામ, શાકભાજી,ખાંડ ૧ કિલો, ચા,૨૫૦ ગ્રામ સહિતનો રાસન નો સમાન આપવામાં આવ્યો હતો.અને જરૂરિયાતમદ લોકોએ સરલાબહેન નો આભાર માન્યો હતો.

## કોટ વિસ્તાર બફર ઝોનમાં ફેરવાયો

# કોરોના: અમદાવાદના બોડકદેવ સહિત ૧૪ વિસ્તારો ક્લસ્ટર ક્વોરન્ટાઈન

અમદાવાદ,તા.૮

અમદાવાદ શહેરમાં કોરોનાના હાહાકાર વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ધડાધડ મોટા નિર્ણયો લેવાનું શરૂ કર્યુ છે. છસ્ઝ્રએ કોરોનાના વધતા કેસોનો ચેપ અટકાવવા માટે કેટલાક વિસ્તારોને ક્લસ્ટર ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જેમાં બોડકદેવના બે ફ્લેટ, જશોદાનગર ટેકરાની નવી વસાહત અને મકતમપુરા વિસ્તારમાં ક્લસ્ટર ક્વોરન્ટીન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરમાં અગાઉ ૮ વિસ્તારો ક્લસ્ટર ક્વોરન્ટીન છે. ત્યારે હાલ શહેરમાં કુલ ૧૪ વિસ્તાર ક્લસ્ટર ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જયારે મંગળવારે રાત્રે નોંધાયેલા વધુ ૬ કેસના નામ-સરનામા જાહેર કરવામાં આવ્યાં છે.

શહેરમાં કોરોનાનાં કેસ વધવાને કારણે કોટ વિસ્તારને બફર ઝોન જાહેર કરાયો. મ્યુનિ. દ્વારા અમદાવાદ શહેરના નવ દરવાજા ખાતે થર્મલ સ્કેનર મુકવામાં આવશે. જેનાથી આવતા જતા તમામ નાગરિકની આરોગ્ય તપાસ કરાશે.આ માટે હેલ્થ વિભાગ દ્વારા ૧૩ ટીમો કાર્યરત કરાશે. આ ટીમો પ્રત્યેક દરવાજાથી અંદર કે બહારથી આવનારા તમામના આરોગ્યની ચકાસણી કરશે. શહેરના કોટ વિસ્તારમાં જે પ્રમાણે કાલુપુર, દરિયાપુર અને જમાલપુરમાં પોઝિટિવ કેસો નોંધાયા છે તેને લઇ તંત્ર દ્વારા આ નિર્ણય કરાયો છે.

અમદાવાદમાં મંગળવારનો દિવસ કોરોનાને લઈને ભારે રહ્યો હતો. મંગળવારે ગુજરાતમાં ૨૯ કોરોના પોઝિટીવના દર્દીઓ નોંધાયા હતા. જેમાં મોટાભાગના લોકલ ટ્રાન્સમિશનના હોવાનું આરોગ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું. અમદાવાદના કોટ વિસ્તારમાં તબલીગી જમાતીઓના સંપર્કમાં આવ્યા હોવાના કારણે કોરોનાનો ચેપ વધી રહ્યો છે એટલે કે અમદાવાદમાં પણ લોકલ ટ્રાન્સમિશનનું પ્રમાણ કૂદકેને ભૂસકે વધી રહ્યું છે. અમદાવાદમાં મંગળવારે એક જ દિવસમાં કુલ ૧૯ કેસો નોંધાયા હતા, જેના કારણે તંત્ર હરકતમાં આવી ગયું હતું. છસ્ઝ્રએ મંગળવારે બોડકદેવની બે સોસાયટીની આસપાસનાં વિસ્તાર સહિત કુલ નવા ૬ ક્વૉરન્ટાઇન ક્લસ્ટર જાહેર કરવામાં આવ્યાં છે.

# કોરોનાનો કેર: ગુજરાતનાં ૫ મહાનગરોનાં ૪૮ વિસ્તારો ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ હેઠળ

અમદાવાદ,તા.૮

ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસનો ભરડો વધી રહ્યો છે. ત્યારે આ વધતા જતા વાયરસનાં કારણે રાજ્યનાં પાંચ મહાનગરોનાં ૪૮ વિસ્તારો હવે ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ એટલે કે 'સંપૂર્ણ લોકડાઉન' હેઠળ છે, ત્યારે તેમાં કુલ ૧.૫૫ લાખની વસ્તી ધરાવે છે. ત્યારે આ સમગ્ર મામલે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જણાવ્યું હતું કે અમદાવાદ શહેર વિસ્તારમાં જીવલેણ કોરોના વાયરસનાં પોઝિટીવ દર્દીઓનાં કલસ્ટરને પગલે રાજ્ય સરકારે આ સમગ્ર વિસ્તારમાં ક્લસ્ટર કન્ટેઈનમેન્ટની કામગીરી હાથ ધરી છે.

આ ઉપરાંત સઘન સર્વે હાથ ધરી હાઇ રિસ્ક અને રોગના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધી કાઢી તેઓના નિદાન અને સારવારની કામગીરી હાથ ધરવામાં આવે છે. 'અમદાવાદ શહેરમાંથી સૌથી વધુ ૩૨ વિસ્તાર ક્લસ્ટર કન્ટેઇનમેન્ટ હેઠળ છે અને તેમાં ૨૪૬૭૪ની વસતી છે. જોકે, વસ્તીની રીતે સુરતમાંથી સૌથી વધુ ૯૭૯૮૬ લોકો ક્લસ્ટર કન્ટેન્મેન્ટ હેઠળ છે. ક્લસ્ટર કન્ટેઈન્મેન્ટ હેઠળના વિસ્તારોમાં સંપૂર્ણ તાળાબંધી જેવા નિયંત્રણો લાદવામાં આવે છે.

સોમવારે સાંજ સુધી ગુજરાતમાં કુલ ૧૫ વિસ્તારો ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ હેઠળ હતા. જેમાં અમદાવાદના ૮, સુરતના ૩ તથા વડોદરાના ૨-૨ વિસ્તારોનો સમાવેશ થતો હતો. આમ, ૨૪ કલાકમાં ૩૩ વિસ્તારો ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ હેઠળ આવી ગયા છે.

# કેડાઈ પાટણ ના હોદ્દેદારો અને સભ્યો દ્વારા મુખ્યમંત્રી રાહતફન્ડ માં અપાયું દાન

તરોજ પાટણ ડિસ્ટ્રિક્ટ બિલ્ડર્સ એસોસિએશન ના ચેરમેન હિતેશ.એન.ઠકકર અને પ્રમુખ દિલીપ પટેલ ની આગેવાની માં સભ્યો દ્વારા પ્રવર્તમાન મારામારી કોવિડ-૨૦૧૯ની લડત સામે લડવાના હેતુ થી જુદી જુદી રકમ ના ચેકો અપાયા હતા.જેમાં એન.એચ.કે.શ્યામ ગ્રુપ તરફથી ૧,૦૮,૦૦૦ અને નાગજીભાઈ દેસાઈ તરફથી ૧૦૦,૦૦૦ તેમજ દિલીપ પટેલઅંબે ડેવલોપર્સદ્વારા ૫૧,૦૦૦તેમજ



નીતિન.બી.પટેલ,વિપુલ.પટેલ, રાજુભાઇ દેસાઈ વિગીરે મિત્રો એ અગિયાર હજાર ના ચેકો કલેકટરશ્રી ની અર્પણ કર્યા હતા

કેડાઈ મિત્રો દ્વારા આઠ લાખ જેટલી રકમ અપાઈ.અને સમગ્ર ગુજરાત માંથી કેડાઈ દ્વારા આ મહામારી માટે ૫ કરોડ નું દાન અપાસે તેવુ કેડાઈ પાટણ ના ચેરમેને હિતેશ.એન.ઠક્કરેજણાવ્યું હતું

# રાજ્યમાં ૩૧ ખાનગી હોસ્પિ. ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિ.જાહેર

*અમદાવાદ,તા.૮*

રાજ્યમાં કોરોનાના કહેર પર કાબૂ મેળવવા રાજ્ય સરકારે તૈયારીઓ કરી લીધી છે. આજે મળેલી કેબિનેટ બેઠકમાં ૨૬ જિલ્લામાં ૩૧ ખાનગી હોસ્પિટલોને ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કરતાં કુલ ૪૦૬૪ બેડની ક્ષમતા વધશે. જ્યારે ચાર મહાનગરોમાં કોવિડ ૧૯ માટે ૨૨૦૦ બેડની હોસ્પિટલ શરૂ કરી છે અને અન્ય ૨૮ જિલ્લામાં ૩૨૦૦ બેડની હોસ્પિટલમાં તૈયાર રાખી છે. આમ, સમગ્ર ગુજરાતમાં કોવિડ-૧૯ કોરોના વાઈરસના સંક્રમિત અસરગ્રસ્તોની તાત્કાલિક સારવાર માટે કુલ ૯,૪૬૪ બેડની ક્ષમતાવાળી હોસ્પિટલો સાથે ગુજરાત આ મહામારીના પડકારને પહોચી વળવા સજ્જ થયું છે.

મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરન્સિંગ બેઠકમાં રાજ્યના ૨૬ જિલ્લામાં ૩૧ જેટલી ખાનગી હોસ્પિટલોને ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં આવી ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલોના રોજબરોજના સંચાલન, કામકાજ અને નિયંત્રણ દેખરેખ માટે એક મેનેજમેન્ટ કમિટીની પણ રચના કરી દેવામાં આવી છે. તેમજ ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ જાહેર થયેલી આ ખાનગી હોસ્પિટલોના આરોગ્ય, તબીબી, પેરામેડિકલ સ્ટાફને જવાબદારીઓ પણ સોંપી દેવાઈ છે.



આવો કોઈની મદદ કરીએ ભૃગુવેન્દ્રસિંહજી ધ્વારા રાજેન્દ્રનગર ટોલ-ટેક્ષ ખાતે રાજેસ્થાન પગપાળા જતા લોકો માટે નાસ્તા , જમવા , આરામ કરવાની તથા હોન્ડગ્લોસ-માસ્ક ની સેવા ચાલુ કરવામાં આવી,રાઈગઢ , બેબાર , સુનોખ , વાંટડા , ગોકુલ નગર, જલારામ રોડ, ઈન્દ્રનગર આસ-પાસ ના ગરીબ પરીવારો ને કરીયાણા-કીટ આપવામાં આવી,મુકેશસિંહ રહેવર, રાજપાલસિંહ રહેવર , મૌનીષસિંહ ચૌહાણ , કુલદિપસિંહ જોધ્ધા સેવા માં જોડાયા હતા..આવો કોઈને મદદ કરીએ ધ્વારા ૫૦૦૦ ઊપર ગરીબ, વિધવા, દિવ્યાંગ પરીવારો ને કરીયાણા-કીટ અને અન્ય મદદ કરવામાં આવી.

# અમેરિકાને હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવા પૂરી પાડશે ગુજરાતની ૩ કંપનીઓ

અમદાવાદ,તા.૮

કોરોના સંકટ વચ્ચે ભારત સરકારે દર્દીઓ માટે અસરકારક માનવામાં આવતી મેલેરિયા પ્રતિરોધક દવા હાઈડ્રોક્સીક્લોરોક્વીન પર મૂકાયેલા પ્રતિબંધો ઉઠાવી લેવામાં આવ્યા છે. વિશ્વના અનેક દેશો તરફથી ભારતને કરવામાં આવતી વિનંતીના પગલે મોદી સરકારે હાઈડ્રોક્સીક્લોરોક્વિન અને પેરાસિટામોલ દવાઓની નિકાસ પરના પ્રતિબંધો આંશિક રીતે હટાવી લીધા છે. માનવીય આધાર પર આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેના ભાગરૂપે હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે.

અમેરિકાએ મંગળવારે ભારત પાસે મેલેરિયાની દવા માટે દબાણ કર્યું હતું. ત્યારબાદ અનેક અહેવાલો પ્રકાશિત થયા હતા. હાલ ગુજરાતના શિરે અમેરિકામાં કોરોનાથી મરનાર લોકો માટે હાઈડ્રોક્વોરોક્વીન બનાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જેથી ગુજરાતની ૩ મોટી દવા બનાવતી કંપનીઓ અમેરિકાને દવા આપશે. બીજી બાજુ અમેરિકા સહિત વિશ્વના દેશોમાં હાઈડ્રોક્વોરોક્વીન દવાની માંગને જોતા સરકારે પણ ગુજરાતની ૩ મોટી કંપનીઓને પોતાનું ઉત્પાદન વધારવા માટે કહી દેવામાં આવ્યું છે.

ગુજરાતના ફાર્મા ઉદ્યોગના જાણકારોના કહેવા પ્રમાણે, અમેરિકામાં કોરોનાનો ફેલાવો જે રીતે થઇ રહ્યો છે તેને જોતા અમેરિકન સરકારે હાઈડ્રોક્સીક્લોરોક્વિનનું ઉત્પાદન કરતી ભારતની કંપનીઓને તેનો મોટો ઓર્ડર આપ્યો હતો. તેમાં ગુજરાતની ૩ મોટી કંપનીઓનો સમાવેશ થતો હતો. જોકે ભારતમાં પણ કોરોનાનો વ્યાપ વધતા કેન્દ્ર સરકારે દેશમાં હાઈડ્રોક્સીક્લોરોક્વિનની અછત ઉભી ન થાય તે માટે નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. બાદમાં બંને સરકારો વચ્ચે વાતચીત થયા બાદ હવે આ દવાના જુના ઓર્ડર અને નવા ઓર્ડર બંને માટે માર્ગ ખુલ્લો થયો છે.

ગુજરાતના શિરે અમેરિકાને બચાવવા માટે મળેલા સૌભાગ્યના ભાગરૂપે રાજ્યના સીએમ વિજય રૂપાણીએ એક રેડિયો જોકી સાથે થયેલી વાતચીતમાં આ વાતનો સ્વીકાર કર્યો હતો. સીએમ રૂપાણીએ જણાવ્યું હતું કે, અમેરિકાને ગુજરાતની ત્રણ મોટી કંપનીઓ દવા સપ્લાય કરશે. જેના લીધે રાજ્યની ત્રણ કંપનીઓને ઉત્પાદન વધારવાનું પણ કહી દેવામાં આવ્યું છે.

## કોરોના મહામારીમાં

# કાણોદરના યુવાનનો સેવાયજ્ઞ ઘણા વર્ષથી પ્રવર્તમાન



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કાણોદર ગામ સેવા અને એકતા માટે જાણીતું છે અને નાત જાતના ભેદભાવ વગર હરહંમેશ પ્રેરણાદાયી બની રહ્યું છે. આ જ ગામના નવયુવાન પ્રકાશભાઈ ધારવા કે જેઓ સેવાના આશયથી હાલ વકીલાતનો વ્યવસાય કરે છે અને આર્થિક ભીસ હોવા છતાં પણ સેવાયજ્ઞ સતત ચાલુ રાખ્યો છે.હાલની પરિસ્થિતિમાં તેઓ સરકારશ્રી તરફથી મળેલ ઘઉંમાંથી તેમના પરિવારના સભ્યો સાથે મળી અબોલ પશુઓ અને વાનરરાજ માટે રોટલી બનાવી નવી પ્રેરણા આપી છે.તેમજ આ કોરોના મહામારીમાં તેઓ કાણોદર તથા આસપાસના ગામના ડાયાલીસીસ,રેગ્યુલર ચેકીંગના દર્દીઓને વિનામૂલ્યે લાવવા-મુકવાની સેવા પુરી પાડે છે.આ અગાઉ તેઓ છેલ્લા ઘણા સમયથી સરકારની તમામ યોજનાઓનું કામ બપોરે ૧ થી ૩ ના સમયમાં કોર્ટ સંકુલમાં વિનામૂલ્યે કરી આપે છે અને તે માટે થતો પરચુરણ ખર્ચ પણ પોતે જ કરે છે રક્તદાન, શિક્ષણ સહાય અને આરોગ્યને લગતી સેવાઓ માટે છેક અમદાવાદ સિવિલ સુધી પણ જાય છે અને તેમના યુવાન મિત્રોની મદદથી કે કોઈ અધિકારીઓ, રાજકીય લોકોના સહકારથી આ પ્રકારની મદદ કરતા રહે છે.વધુમાં તેઓ તંત્રનો આભાર માનતા જણાવે છે કે મારા જેવા સામાન્ય વ્યક્તિને પાસ આપી અધિકારીઓએ મને આ સેવાનો અવસર આપ્યો છે તમામ પોલીસ,આરોગ્ય અને સ્વયંસેવકો નો આભાર માન્યો હતો અને પ્રધાનમંત્રી ના તમામ નિર્ણયો દેશના હિત માટે છે અને એમાં સહકાર આપવો જોઈએ એવું જણાવ્યું હતું.સેવાની આવી ઉદારભાવના રાખનાર આ યુવાન વકીલ ઉદાહરણ સમાન છે..

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**



માલપુર ગામ ખાતે ભાજપા અરવલ્લી જીલ્લા ઉપપ્રમુખ મહેશભાઈ ડી. પટેલ, એમ.ડી.પટેલ સંકુલ તેમજ બીજેપી યુવા મોરચા દ્વારા વિવિધ વિસ્તારોમાં જરૂરતમંદો ને ૬૫ જેટલી રાશનકીટ નું વિતરણ કરવા માં આવ્યું હતું..આ પ્રસંગે માલપુર ભાજપ પૂર્વ પ્રમુખ ભૂપતસિંહ સીસોદીયા, યુવા પ્રમુખ હર્ષુ પંડ્યા, મહામંત્રી કશ્યપ પટેલ, રાજન પ્રણામી, સમાજસેવી મયુર દરજી, તેમજ ભાજપા સંયોજક વિશાલ ગોર ઉપસ્થિત રહ્યા હતાં..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.